**સ્પે. દિવાની મુ. નં. : ૨૪૩/૨૦૧૫.**

**આંક :૧ નીચે હુકમ.**

આ કામે વાદીઓનો દાવો તા.૩૦–૦૪–૨૦૧૫ ના રોજ દાખલ થયેલ છે. આ કામે લાંબા સમયથી વાદીઓ તેમજ પ્રતિવાદીઓ નિયમિત મુદત દરમ્યાન હાજર રહેલ નથી અને સદર કામ છેલ્લાં ઘણાં સમયથી પ્રો.બજવાના સ્ટેજ ઉપર હોય તથા તા.૨૮–૦૬–૨૦૧૮ નાં રોજ પક્ષકારોને આંક–૦૮ થી નોટિસ કરવા છતાં પણ તેમજ આજરોજ મુદતે પોકાર કરાવતાં પણ હાજર રહેલ ન હોય તેમજ પ્રતિવાદી વકીલ શ્રી તેમજ વાદી વકીલ શ્રી હાજર ન હોઈ અને સદર કામ ઘણું જૂનું હોય તેમજ વાદીઓ દાવો દાખલ કર્યા તારીખથી સતત ગેરહાજર અને નિષ્ક્રિય રહેલ હોવાનું જણાય છે અને દાવો આગળ ચલાવવા સારૂં કોઈ રસ લેતા નથી. જેથી વાદીઓની કસૂરના કારણે સીવીલ પ્રોસીજર ઓર્ડર–૯ રૂલ–૩ મુજબ વાદીઓનો દાવો રદ કરવામાં આવે છે અને દાવાનો ખર્ચ વાદીઓએ જાતે ભોગવવો.

**હુકમ આજ રોજ તા.૧૯ મી, માહે: નવેમ્બર ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

તા. ૧૯ /૧૧ /૨૦૧૮.

(જીગ્નેશ વિષ્ણુભાઈ પટેલ)
બીજા એડી.સીની.સીવીલ જજ,
અમદાવાદ(ગ્રામ્ય), અમદાવાદ.
[U.ID.Code No. GJ 00960]